GSECL

GMDC
FUELING THE GROWTH

# અરુણોદય

ઓગષ્ટ- ૨૦૨૫

અંક – ૬૭


સંપાદકીય બોર્ડ
- શ્રી એચ.જી. દવે
- શ્રી એસ.જે. મહેતા
- શ્રી એમ.એમ.ઠક્કર
- શ્રી પી.ટી.પઢેરીયા




અનુક્રમણિકા


- મોબાઈલનો વધુ ઉપયોગ સમાજ જીવન પર નકારાત્મક અસર કરે છે
- || शिव तत्व विचार ||
- સ્વસ્થ અને તંદુરસ્ત જીવનનું રહસ્ય
- બ્રાહ્મણ કોણ ?
- એક પેડ માઁ કે નામ
- મનુષ્યના માથાની કિંમત કેટલી ?
- 15th August Special
- Photography
- સુખ સૌને મળે
- વાસ્તવિકતા
- શાળાની પ્રવૃત્તિઓ


ડિઝાઈન:- એમ.એમ.ઠક્કર(મા.શિક્ષક) ૯૦૯૯૯૫૨૪૦૧

સર્વે જીએમડીસી , જીએસઈસીએલ કર્મચારી ભાઈઓ-બહેનો , શિક્ષકમિત્રો તથા વિદ્યાર્થીઓ સૌને સાદર વંદન ''અરૂણોદય'' ઓગષ્ટ-૨૦૨૫, અંક-૬૭ ને આપ સર્વની સમક્ષ રજુ કરતાં ખૂબ ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.

તંત્રી સ્થાનેથી સર્વેને હું આ અરૂણોદય અંકમાં આપ દ્વારા કોઈપણ લેખ આપવામાં આવશે તો તે સ્વીકાર્ય રહેશે. જેથી આજના આ ઓનલાઈન જમાનામાં સુંદર લેખો વાંચવા માટે અને લખવા માટે કર્મચારીઓ તથા તેમના આશ્રિતો પ્રેરિત થશે અને વધુમાં વધુ લેખો આપણે આ અંકમાં સમાવી શકીશું. - તંત્રી



# મોબાઈલનો વધુ ઉપયોગ સમાજ જીવન પર નકારાત્મક અસર કરે છે

Dr. Narendra B. Suthar
Medical officer
GMDC (Mata No Madh)

દિન પ્રતિ દિન આગળ વધતા આધુનિક યુગમાં માણસે ઘણા સાધનો પોતાના જીવનમાં સામેલ કર્યા છે. તે સાધનો માણસના જીવનને સરળ બનાવે છે. પરંતુ તે સાધનોની આડઅસર માણસને અનેક સમસ્યાઓમાં નાખી દે છે. તેમાં પણ મોબાઈલ ફોન એક મહત્વનું સાધન બની ગયું છે.

મોબાઈલના કારણે માણસોને ઘણો નુકસાન થયો છે. મોબાઈલ વગર માણસ એક ક્ષણ પણ રહી શકતો નથી. મોબાઈલના કારણે માણસ પરિવારથી દૂર થઈ ગયો છે. લોકો મોબાઈલમાં એટલા વ્યસ્ત રહે છે કે પોતાના પરિવાર માટે સમય કાઢી શકતા નથી. મોબાઈલના કારણે બાળકોમાં અધ્યયન પ્રત્યેની રસિકતા ઘટી ગઈ છે. તેમજ ગેમના વ્યસનના કારણે બાળકો અભ્યાસમાં પાછળ પડી રહ્યા છે.

મોબાઈલના કારણે માણસનો સ્વાસ્થ્ય પર પણ ખરાબ પ્રભાવ જોવા મળેછે. મોબાઈલના કારણે માણસને આંખો સંબંધિત અને મગજ સંબંધિત રોગો થઈ રહ્યા છે. મોબાઈલના કારણે અકસ્માતો પણ વધી રહ્યા છે. મોબાઈલનો ઉપયોગ સમાજ જીવન પર નકારાત્મક અસર કરે છે.



# || शिव तत्व विचार ||



એમ.એ.ગોસ્વામી
માધ્યમિક શિક્ષક

भगवान शिव गले में सर्पों की माला पहनते हैं पर कभी भी अपनी शांति का त्याग नहीं करते हैं। सर्पों की माला धारण करना अर्थात् अनेक कठिनाइयों को अपने ऊपर ले लेना। जीवन है तो मुश्किलें तो आयेंगीवह शिव बन जाता है और जो उन्हें ,बस जो उन्हें हँसके सह लेता है , नहीं सह पाता वह शव बन जाता है। मुश्किलों का समाधान उनसे मुकर जाना नहीं है अपितु मुस्कुराकर सामना करने में है।

विषम घड़ी में आप अपने चेहरे पर मुस्कान लाने की हिम्मत जुटा पाते हैं तो फिर आपकी आंतरिक शांति भंग करने की सामर्थ्य किसी में नहीं है। भगवान शिव के गले में सर्पों की माला हमें यह सन्देश देती हैकि मुश्किलें तो किसी को भी नहीं छोड़ती बस आप अपनी हिम्मत और , मुस्कान कभी मत छोड़ना। गले में विषमताके विषधर होने के बावजूद भी आनंद और प्रसन्नता में जीना भगवान महादेव के जीवन से सीखना चाहिए।



# સ્વસ્થ અને તંદુરસ્ત જીવનનું રહસ્ય



પી.ટી. પઢેરીયા
માધ્ય.શિક્ષક

આજકાલ યુવાનો એવી આશા સાથે અભ્યાસ કરતા હોય છે કે સારું ભણીશું તો સારી કારકિર્દી રચાશે, અને સારી કારકિર્દી હશે તો વધુ પૈસા કમાઈ શકીશું, અને વધુ પૈસા કમાઈશુ તો આપણે વધુ સુખી જીવન જીવી શકીશું. આપણા માટે સુખ એટલે વધુ સારું ભોજન, વધુ સારી ગાડી, વધુ સારી સુવિધાઓ, વધુ સારું ઘર વગેરે. પરંતુ આ બધું મેળવવાના પ્રયાસોમાં આપણે જાણે - અજાણે આપણા સ્વાસ્થ્યનું બલિદાન આપી દેતા હોઈએ છીએ. આપણે એ પણ ન ભૂલવું જોઈએ કે જીવનને માણવા માટે સ્વસ્થ શરીર અને સ્વસ્થ મન હોવું અનિવાર્ય છે.

બીમારી અને ઘડપણ આવે ત્યારે જ આપણને તંદુરસ્તીનું ખરું મૂલ્ય સમજાય છે. તંદુરસ્તી એ ભાગ્યની નહીં પરંતુ સ્વસ્થ જીવનશૈલીની દેન છે. આપણા પૂર્વજો શ્રમ ભરી જિંદગી જીવતા એ વડીલોને ત્યારે *"OBESITY"* એટલે કે સ્થૂળતાનો રોગ હતો જ નહીં. જ્યારે હવે *T.V. , COMPUTER , MOBILE* અને *DESK JOB* ને કારણે આપણી જીવનશૈલી બેઠાડું થઈ ગઈ છે, આવી અયોગ્ય જીવનશૈલી આપણને દુર્બળ,રોગી, અને અલ્પાયુ બનાવી રહી છે. તેથી *"પહેલું સુખ તે જાતે નર્યા "* ને આપણો જીવન મંત્ર બનાવી દેવો પડશે. અને આવી તંદુરસ્તી માટે કસરત અને પોષણક્ષમ આહારની ખૂબ જરૂરીયાત રહેલી છે.



## બ્રાહમણ કોણ ?




કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક


બ્રહમ ને જે જાણે તો ખરો બ્રાહમણ. ફક્ત જન્મથી વર્ણ વ્યવસ્થા પ્રમાણે બ્રાહમણ હોવું તે જ બ્રાહમણની ઓળખ નથી. મનુષ્ય ધારેતો કર્મથી પણ બ્રાહમણ બની શકે. બ્રહમના વિચારો જે ઘરે ઘરે પહોંચાડે તે ખરો બ્રાહમણ.

ધર્મરાજા યુધિષ્ઠિરને મળવા એકવાર રાજા નહુષ તેના મહેલમાં પહોંચ્યા. શાસ્ત્રની ચર્ચાઓ થવા લાગી. નહુષે અનેક પ્રશ્નો કર્યા અને રાજા યુધિષ્ઠિરે તેના પ્રમાણિક ઉતર આપ્યા.

નહુષે પૂછ્યું : "જન્મથી બ્રાહમણ હોવા છતાં કોઇ વ્યક્તિ ખરાબ આચરણ કરતો હોય તો તેને શું બ્રહમણ માની શકાય" ?

યુધિષ્ઠિર બોલ્યા : " બ્રાહમણ કુળમાં જન્મ લેવાથી જ કોઇ બ્રાહમણ નથી બનતું , તેણે વિદ્વાન સાત્વિક સત્યનિષ્ઠ અને સદાચારી બનવું જોઈએ."

નહુષે પૂછ્યું : "જો કોઇ શુદ્ર જાતિમાં જન્મેલ વ્યક્તિમાં એક સાચા બ્રાહમણના ગુણ હોય તો તેને શું માનવો ?

યુધિષ્ઠિર બોલ્યા : " તે બ્રાહમણની જેમ જ વંદનીય છે." તેમણે શાસ્ત્રોને પ્રમાણભૂત રાખીને કહ્યું , " ચાર વેદોના જાણકાર હોય પરંતુ ઈન્દ્રિયો ઉપર કાબુ ન હોય તો તે ચાંડાલ કરતાં પણ હલકો ગણાય."

જન્મના જાયતે શુદ : " જન્મથી દરેક મનુષ્ય શુદ્ર જ હોય છે. એમ જરૂર કહી શકાયકે ઉચ્ચ વર્ણોનો મનુષ્ય શાસ્ત્ર અને ધર્મનું પાલન નહિ કરે તો તે શુદ્ર બની જાય છે. જપ , તપ , યોગ અને પરોપકાર કરવા વાળો શુદ્ર પણ બ્રાહમણત્વ પ્રાપ્ત કરી લેતો હોય છે.

માટે આપણે જન્મજાત ભલે બ્રાહમણ ન હોઈએ તો શું થયું ? કર્મથી તો બની જ શકાય તેમાં કોઈનો પણ ઈજારો ન હોય.



# એક પેડ માઁ કે નામ



ડી.આર. દરજી
પ્રાથમિક શિક્ષક

એક પેડ (ઝાડ)માત્ર વૃક્ષ નથી, પણ જીવસૃષ્ટિ માટે આશીર્વાદરૂપ છે. પેડ આપણને જીવન આપતું ઓક્સિજન આપે છે, છાંયો આપે છે, અને અનેક પક્ષીઓનું ઘર બની રહે છે. એક પેડ અનેક રીતે માનવજીવન માટે ઉપયોગી છે.

પેડ હવા શુદ્ધ કરે છે અને પર્યાવરણને સંતુલિત રાખે છે. વરસાદ જાળવે છે, જમીનની લુણાઈ અટકાવે છે અને ઊર્જાનું સ્ત્રોત બને છે. તેમાં વસવાટ કરતી જીવજંતુઓ માટે પેડ આશ્રયસ્થળ છે. પાંદડાં, ફળો અને ફૂલો ઘણી ઔષધીય ગુણોથી ભરપૂર હોય છે.

પેડ બાળકોથી માંડી વૃદ્ધો સુધી બધાને પ્રિય હોય છે. નાનાં બાળકો તેના તળે રમે છે, કવિઓ પેડની છાંયામાં બેસીને સુંદર કાવ્યો રચે છે, અને વૃદ્ધો પેડની નીચે બેસીને શાંતિ અનુભવ કરે છે.

જેમ જેમ આધુનિકતા વધી રહી છે, તેમ પેડો કાપવાના પ્રમાણમાં વધારો થયો છે. જેના પરિણામે ગરમી વધી રહી છે, વરસાદ ઓછો થઈ રહ્યો છે અને પર્યાવરણ અસંતુલિત બનતું જાય છે.

અત્યારે જાગૃત થવાની જરૂર છે. દરેક વ્યક્તિએ "એક પેડ માઁ કે નામ લગાડી તેનો ઉછેર કરો અને જગત બચાવો"ના સંકલ્પ સાથે કાર્ય કરવું જોઈએ.

*એક પેડ – એક જીવન!*

*પેડ વાવો, જીવન બચાવો.*

*આવનાર પેઢી માટે હરિયાળી ધરતી છોડી જાવ.*



# મનુષ્યના માથાની કિંમત કેટલી ?



પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

આમ તો મનુષ્યનું સાચું મૂલ્ય તેના ગુણોથી જ અંકિત થાય છે. વારંવાર જે - તે જગ્યાએ અયોગ્ય વ્યક્તિને નમતું માથું ક્યારેક તો લાચારી ની ઓળખ ઊભી કરાવે. **"નમન નમન મેં ફર્ક હૈ, બહુત નમે વો નાદાન."** સદ્ગુણી, સાત્વિક વ્યક્તિને નમન કરવા યોગ્ય ગણાય .

વાત છે સમ્રાટ અને ચક્રવર્તી રાજા અશોકની. કલિંગના યુધ્ધ પછી સમ્રાટ અશોક ખૂબ જ દુ:ખી થઈ ગયા. તેમણે બૌધ્ધ ધર્મ ધારણ કર્યો હતો. તેઓ બધા બૌધ્ધ ભિક્ષુઓનાં ચરણ સ્પર્શ કરતાં હતાં. તેમનો મંત્રી યશ હતા. તેમને આ વાત જરાય પસંદ ન હતી કે સમ્રાટ બધી જાતના ભિક્ષુઓના પગે પડે. યશ એ વિરોધ કર્યો. સમ્રાટે તે સમયે કોઇ જવાબ ન આપ્યો.

બીજા દિવસે તેમણે પશુઓના માથાને બજારમાં વેચ્યા તો લોકોએ તરત જ ખરીદી લીધા. તો રાજાએ પોતાના મંત્રીની સામે એક મનુષ્યના માથાને વેચવા મૂકયું . જેને લેવાનો બધાએ ઈન્કાર કરી દીધો.

સમ્રાટે યશને કહયું : " શું મારા મૃત્યુ પછી મારા માથાનો પણ આવી રીતે અપમાન- તિરસ્કાર થશે ?
યશ બોલ્યો : " હા મહારાજ."

સમ્રાટે તેને સમજાવતાં કહયું : **"જ્યારે કોઇ મનુષ્યના માથાનું મૂલ્ય જ નથી તો પછી અભિમાન કરવાથી શું થશે ? એવા મસ્તકોને તો સાધુ સંતો અને ભિક્ષુઓના ચરણમાં નમવું જ જોઇએ.**

યશ સમ્રાટ અશોકની વાત સાંભળી નિરુતર થઈ ગયો. કારણ **સમ્રાટ ગુણીયલ સંતો , ભિક્ષુઓના ચરણ સ્પર્શ કરતા હતા.** જેવા તેવા વ્યક્તિઓના નહિ. અભિમાન રહિત થઈને રહેવું એ જ મનુષ્યની ખરી ઓળખ છે વિનમ્રતાથી કરેલા પ્રણામ શોભનીય છે.

# 15th August Special



Chanchu Rekhaben J.
Secondary teacher Eng.med.


The cultural heritage of India is multifarious which brings glory to the nation our heritage is the identity of the nation. In a rapidly changing world ancient culture values like non-violence , truth , dharma which have been indicated in our historical monuments offer timeless ethical guidance. India's rich and diverse cultural heritage is beautifully reflected not only in its architecture and traditions but also in its currency. The Indian currency notes, which pass through countless hands every day showcasing some of notion's most iconic historical monuments.




**₹ 10 – Konark Sun temple**



Sun temple of konark is designed in chariot temple drawn by seven horses. It has 12 massive wheels. These wheels reflect twelve months and each wheel has eight spokes (shown on image of currency) which shows eight prahars of the day.






**₹ 20 – Ellora Caves**



There is an inage of the Ellora caves, UNESCO world heritage site, highlighting India's rich cultural heritage.

**₹ 50 – Hampi , Karnataka**




The Hampi chariot temple is one of the most iconic symbols of India's architectural and cultural heritage. The temple is designed to resemble a chariot specially the chariot of Lord Vishnu.





**₹ 100 – Rani ki Vav**



UNESCO included this vav as a world heritage monument in 2014. This indicates the beautiful arrangent of water harvesting for public. Helping other selflessly.





**₹ 200 – Sanchi Stupa**



The Sanchi stupa located in Madhyapradesh is well preserved Buddhist monuments in India. The Sanchi Stupa stands as a timeless reminder of India's ancient spiritual heritage and the values of peace, compassion and non – violence.

## ₹ 500 – Red Fort – Delhi






**On 15th August 1947 the Union Jack of England was brought down and the Indian National Flag, tricolor was hoisted. This function organized in Delhi. Therefore The Red Fort of Delhi holds a place of immense national pride where the P.M. of India hoists the national flag every year on independence day.**

## National Flag



**The Indian National Flag was designed by Pingali Venkayya form Andhra Pradesh.**


**The sarnath pillar has four lions facing four direction. Dharmachakras are carved below the lion images. This chakra has been placed in the national flag of republic India which indicates triumph of religion.**

## Photography



*Bina D. Bhatt*
*Sec. School Teacher*













# સુખ સૌને મળે



એસ.એસ.ભગોરા
માધ્યમિક શિક્ષક

પોતના માટે તો સૌ કોઈ સુખની ઈચ્છા રાખે છે. પરંતુ બીજાઓ માટે સુખ ઈચ્છીએ તોજ આપણે સાચા માનવી ગણાઈએ.

આપણા સંતો, મહંતો અને અવતારી પુરુષોએ ઈશ્વર પાસે પોતાના સુખ માટે કશુંજ માગ્યુ નથી. પણ તેમને અન્ય માનવીઓના સુખ માટે સાચા હદય થી પ્રભુ પ્રાથના કરીને સૌના સુખનું કલ્યાણ માગ્યું છે. સંસારના તમામ માનવી સુખી થાય અને તેમના દુ:ખો દૂર થાય તે માટે પ્રાથના થાય છે તેજ સાચી પ્રાર્થના કહી શકાય.

આપણે સૌ સુખ માટે કેવી પ્રાર્થના કરીએ છીએ ? આપણે સુખ માટે પ્રાર્થનામાં શું-શું માગીએ છીએ?

આપણે તો કેવળ આપણા ધનના સુખ માટેજ પ્રાર્થના કરીએ છીએ કે હે ભગવાન મારુ કલ્યાણ થજો, મારા ઘરને સુખ , શાંતિ , સંપતિ અને સમૃધ્ધિ થી ભરજો , મારુ આમ થજો તેમ થજો વિગેરે ... વિગેરે , આપણા સુખની પ્રાર્થનામાં ફક્ત સ્વાર્થ વૃતિ જ સમાયેલી હોય છે.

આપણે પ્રભુની પ્રાર્થના ક્યા કરીએ છીએ ? આપણે તો ફક્ત સુખની પ્રભુ પાસે માંગણી કરીએ છીએ. હક વગરની માંગણી કરીએ છીએ , સદ્કાર્ય કર્યા વગરની માંગણી કરીએ છીએ. જગતના ભિક્ષુકો તો પેટ પુરતીજ ભીખ માંગે છે. જ્યારે આપણે તો પોતાના સુખ માટે પ્રભુ પાસે જાત જાતની સતત માંગણી કરતા રહીએ છીએ. ક્યારેય આપણે ભગવાનને કહયુ છે કે ‘બસ ઘણુ થયુ , હવે પ્રભુ તમે મને ઘણુ બધુ આપી દીધુ ! હવે અન્ય ને આપજો !

પોતાના સુખના કલ્યાણ કરતા અન્ય જનોનાં સુખનું કલ્યાણ ઈચ્છનાર સાચો માનવ ગણાય.આપણે પણ સૌના સુખના કલ્યાણ માટે સાચા દિલથી પ્રભુ પાસે પ્રાર્થના કરી સાચા માનવી બનીએ.

# વાસ્તવિકતા



વી.જી.રાઠોડ
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

*શબ્દ નો પણ સ્વાદ હોય છે*
*સત્ય હોય તો કડવો લાગે છે*
*અસત્ય હોય તો મીઠો લાગે છે*

*ભૂલ નું પણ કદ હોય છે*
*પોતાની હોય તો નાની લાગે છે*
*બીજાની હોય તો મોટી લાગે છે*


*વાત નું પણ અંતર હોય છે*
*ગમતી હોય તો ટુંકી લાગે છે*
*ન ગમતી હોય તો લાંબી લાગે છે*

*આંસુ નું પણ તાપમાન હોય છે*
*હરખ નું હોય તો ઠંડુ લાગે છે*
*દર્દ નું હોય તો ગરમ લાગે છે*


*સ્વાર્થ નો પણ સબંધ હોય છે*
*ગરજ હોય ત્યારે ગાઢ લાગે છે*
*ગરજ ન હોય તો વ્યર્થ લાગે છે...*

# શાળાની પ્રવૃત્તિઓ

## શાળાના વિદ્યાર્થીની ની ચિત્ર પ્રતિભા













Chanchu Rekhaben J.
Secondary teacher Eng.med.

શાળાના અંગ્રેજી માધ્યમિક વિભાગના શિક્ષિકાની રંગોળી કળા





આરોગ્ય વિભાગના બહેનો દ્વારા ધોરણ-૯ ના વિદ્યાર્થીઓને રોગો તથા લોહતત્વની ઉણપ વિશે માહિતી આપવામા આવી



ગુરૂપૂર્ણિમાની ઉજવણી









શાળાના એસ.પી.સી.ના વિદ્યાર્થીઓની નારાયણસરોવર પોલીસ સ્ટેશનની મુલાકાત

જાતી સંવેદનશીલતા અંગે સમજ આપવામાં આવી











## શાળાના વિદ્યાર્થીઓ દ્વારા જી.એસ.ઈ.સી.એલ. પ્લાન્ટમાં વૃક્ષારોપણ

















બેગલેશ ડે ના દિવસે શાળાના
શિક્ષકો દ્વારા કરાવાતી
વિવિધ પ્રવૃત્તિ












# તાલુકા કક્ષાનો કલા મહાકુંભ